સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમીરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામીસ ઐયદહુલ્લાહ તઆલા બિનસિરિહીલ અઝીઝ, તા.07.04.2017 સ્થળ: બૈતુલ ફુતુહ લંડન

તશહુદ તઅઉઝ અને સુરહ ફાતેહા બાદ હુઝુર અનવર ઐયદુલ્લાહ તઆલા બિનસિરિહીલ અઝીઝે ફરમાવ્યું :

હઝરત મસીહ મૌઉદ અ.સ.નો વિરોધ તો તે સમયથી થઈ રહ્યો છે જ્યારે હજુ જમાઅતની સ્થાપના પણ ન થઈ હતી તથા આપ અ.સ.એ બૈઅત પણ ન લીધી હતી. મુસ્લિમોએ પણ અને બિન મુસ્લિમોએ પણ પોતાનો પુરો જોર જમાઅતના વિરોધમાં લગાવ્યો તથા હજુ સુધી લગાવે છે. આજે તો અધિક સક્રિય મુસલમાન છે પરંતુ અલ્લાહ તઆલા આપની જમાઅતને વધારતી જઈ રહી છે. હવે અલ્લાહ તઆલાના ફઝલથી જમાઅત વિશ્વના ૨૦૯ દેશોમાં સ્થાપિત છે. ખાસ કરીને મુસ્લિમ દેશોમા, જ્યાં પણ લોકો જમાઅત તરફ આકર્ષિત થાય છે ત્યાં યોજના અનુસાર વિરોધ શરૂ થઈ જાય છે. કેટલાક રાજનૈતિક આલિમ તથા તેમના સંપર્ક સૂત્ર પ્રશાસનિક કાર્યકર્તા બલ્કે ન્યાયાલયોના જજ પણ વિરોધનો ભાગ બની જાય છે.

આજ કાલ અલજઝાયરના અહેમદીઓને અત્યાચારનો નિશાનો બનાવવામાં આવે છે. જજો પણ આ જ કહે છે કે જો તમે કહી દો કે હઝરત મસીહ મૌઉદ અ.સ.નો મસીહ મૌઉદ હોવાનો દાવો જુઠો છે તથા તે મસીહ મૌઉદ નથી બલ્કે નઅુઝ બિલ્લાહ, ઈસ્લામા વિરોધી શકિતઓના એજેન્ટ છે અને ઈસ્લામ વિરોધી શકિતઓની શરણ તથા પશ્ચિમી દેશોની શરણ તેમને પ્રાપ્ત છે તથા તેમના જ તરફથી તેઓ ઊભા કરવામાં આવ્યા છે, ખાસ કરીને અંગ્રેજો તરફથી તો અમે તમને છોડી દેતા નહીતર પછી જેલ તથા જર્માના તથા સજા માટે તૈયાર થઈ જાઓ અને પછી અન્યાય કરીને પછી જેલોમાં નાખવામાં આવે છે તથા મોટા મોટા જુર્માના પણ કરવામાં આવે છે. તે નિર્દોષ તથા મઝલૂમોને આપણે પોતાની દુઆઓમાં યાદ રાખવા જોઈએ. અલ્લાહ તઆલા તેમને દૃઢ સંકલ્પ પણ અતા કરે તથા તેમને કષ્ટોથી પણ બચાવે.

તેવી જ રીતે પાકિસ્તાનના અહેમદીઓને પણ પોતાની દુઆઓમાં યાદ રાખો, ત્યાં પણ પંજાબમાં ખાસ કરીને યોજના અનુસાર અત્યાચાર કરવામાં આવે છે. મુસ્લિમ દેશોની અંદર જે ઉપદ્રવની અવસ્થા છે તથા એક દેશ બીજા દેશ સાથે જે સંબંધોની અવસ્થા છે, બુદ્ધિ રાખનાર માટે આ અવસ્થા જ આ વાત પર વિચાર કરવા માટે પર્યાપ્ત છે અને હોવી જોઈએ કે આ અવસ્થાઓમાં અલ્લાહ તઆલાએ ઉમ્મત એ મુહમ્મદીયાના સુધાર માટે પોતાના વાયદા અનુસાર જેને મોકલ્યો હતો અને આંહઝરત સ.અ.વ.એ પોતાના જે સાચા ગુલામના આવવાની ભવિષ્યવાણી કરી હતી, તેને શોધો. જયારેકે અલ્લાહ તઆલા અને આંહઝરત અ.સ.વ.ની જણાવેલ નિશાનીઓ પણ પૂર્ણ થઈ ચુકી છે અને થઈ રહી છે જે મસીહ મૌઉદ અ.સ.ના આગમન વિશે હતી અને આ જ એક માર્ગ છે જે મુસલમાનોની પ્રતિષ્ઠાને પુનઃ સ્થાપી શકે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે હું ખુદાના વાયદા પ્રમાણે મસીહ મૌઉદ થઈને આવ્યો છું ચાહો તો સ્વીકાર કરો, ચાહો તો રદ કરો પરંતુ તમારા રદ કરવાથી કોઈ લાભ ન થશે. ખુદા તઆલાએ જે નિશ્ચય કર્યો છે તે થઈને રહેશે. જે લોકો મારો વિરોધ કરનાર છે તે મારો નહી બલ્કે ખુદાનો વિરોધ કરે છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જમાઅતની પ્રગતિમાં જે વિરોધ થઈ રહ્યો છે આ વિરોધ ન પહેલા કંઈ બગાડી શકયું અને ન ભવિષ્યમાં ઈન્શા અલ્લાહ તઆલા કંઈ બગાડી શકશે. અલ્લાહ તઆલાની સહાયતા હઝરત મસીહ મૌઉદ અ.સ. સાથે હંમેશા રહી તથા હંમેશા અમોએ આ જ જોયું કે દુશ્મન નાકામ વ અસફળ રહ્યો તથા થઈ રહ્યો છે અને ભવિષ્યમાં ઈન્શા અલ્લાહ તઆલા થતો રહેશે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જ્યાં વિરોધ થાય છે ત્યાં તબલીગના માર્ગ પણ ખુલે છે. ફરમાવ્યું કે અલજઝાયરની જમાઅત કોઈ અધિક જુની જમાઅત નથી પરંતુ અલ્લાહ તઆલા તેમને આ વિરોધ દ્વારા જ જ્યાં ઈમાનમાં મજબૂતી

આપી રહ્યો છે ત્યાં તેમના માટે તબલીગના માર્ગ પણ ખોલે છે. ત્યાંના અહેમદી લખે છે કે અમે મુશ્કેલીમાં હતા કે આ દેશમાં તબલીગ કેવી રીતે થશે તો અલ્લાહ તઆલાએ આ વિરોધ દ્વારા સ્વયં જ તબલીગની યોજના બનાવી દીધી. અલજઝાયરના અહેમદી કહે છે કે જો કેટલાક લોકો નકારાત્મક પ્રભાવ લઈ રહ્યા છે તો અનેક એવા પણ છે જે જમાઅત અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ના દાવાથી પરિચિત થયા છે તથા સમજે છે કે જમાઅતના વિરોધમાં જે કંઈ થઈ રહ્યું છે તે અનુચિત છે. હુઝુર અનવરે ફરમાવ્યું કે આપના આગમનનો આ જ સમય હતો તથા અલ્લાહ તઆલાના વિધાન અનુસાર જ આપ આવ્યા છે જેથી ઈસ્લામની ડગતી કશ્તીને સંભાળી શકે. સ્વયં મુસલમાનોના બયાનો પણ અખબારોમાં છપાય છે પોતાના ભાષણોમાં પણ તેઓ વર્ણન કરે છે તથા આ વાતની ગવાહી આપે છે કે મુસ્લિમ ઉમ્મતને સંભાળવા માટે કોઈ આવવો જોઈએ પરંતુ આ પણ સાથે જ કહી દે છે કે મિરઝા ગુલામ અહેમદ સિવાય કોઈ અન્ય હોય.

જે ખુદા તઆલા તરફથી હોવાનો દાવો કરી રહ્યો છે, તેને તેઓ માનતા નથી બલ્કે ઈન્કાર કરી રહ્યા છે તથા દુશ્મની કરી રહ્યા છે. લાખો લોકો પ્રતિવર્ષ વિરોધ હોવા છતા અહેમદિયતમાં જે દાખલ થાય છે તેઓ આ વાતનું પ્રમાણ છે કે અલ્લાહ તઆલાની સહાયતા વ સમર્થન અહેમદિયા જમાઅતની સાથે છે, હઝરત મસીહ મૌઉદ અ.સ.ની સાથે છે. અનેક એવા છે જે પોતાના વૃત્તાંત લખે છે કે કેવી રીતે અહેમદી થયા તથા તેમની ઘટનાઓ વાંચીને આશ્ચર્ય થાય છે કે કેવી રીતે અલ્લાહ તઆલા નેક પ્રકૃતિના લોકો માટે સ્વીકાર કરવાનો પ્રબંધ ફરમાવી રહ્યો છે. હું કેટલાક વૃત્તાંત પેશ કરૂ છું.

આ પ્રથમ ઘટના જે હું પેશ કરીશ તે અલજઝાયરની જ છે જ્યાં અત્યારે વિરોધમાં તીવ્રતા છે. લખનાર કહે છે કે અહેમદિયત સાથે પરિચયથી ખુબ પહેલા મેં એક રાત્રી સ્વપ્નમાં જોયુંકે એક ઊચી છત વાળા ખુબ લાંબા ચોડા હોલમાં ઘણા બધા લોકો સાથે એક લાઈનમાં ઊભો છું જ્યાં બે વ્યકિત ઊભા છે. અમારી લાઈનમાંથી પ્રત્યેક પોતાની વારી આવવા પર તે વ્યકિતઓમાંથી જમણી બાજુ વાળા વ્યકિતથી ખુબ જ પ્રેમ સાથે હાથ મિલાવીને હોલના દરવાજા તરફ ચાલ્યો જતો. એવું લાગતું હતું કે આ લાંબી લાઈન તે બંનેમાંથી એક વ્યકિત સાથે હાથ મિલાવવા માટે ખાસ કરીને બનાવી છે. કહે છે કે હું દુરથી આ દ્રશ્ય જોઈને કહું છું કે લોકો બંનેથી હાથ મિલાવવાને બદલે એકથી હાથ કેમ મિલાવે છે એવા પ્રેમથી બંનેને કેમ નથી મિલાવતા તો નજીક પહોચીને હું જોવું છું કે તેમાંથી એક વ્યકિત સફેદ દાઢી વાળો છે જ્યારે કે બીજો એક મધ્યમ કદ તથા ગૌ રંગી વ્યકિત છે જેના માંથા અને દાઢીના વાળ કાળા છે. કહે છે કે જ્યારે મારી વારી આવી તો મેં સફેદ દાઢી વાળા વ્યકિત તરફ હાથ કર્યો તો તેણે મને કાળી દાઢી વાળા તથા ગૌ રંગી વ્યકિત તરફ સંકેત કર્યો કે તેમની સાથે સલામ કરો તો મેં ખુબ જ પ્રેમથી તેમનાથી હાથ મિલાવ્યો અને કહે છે કે તેની સાથે જ મારો દિલ તે વ્યકિતના પ્રેમમાં ડુબી ગયો. તે મને જોઈને મુસ્કુરાયો, તેની મુસ્કુરાહટમાં એવો જાદુ હતો કે હું આજ દિન સુધી તેની મુસ્કુરાહટ ભૂલી નથી શકયો. પછી કહે છે,જ્યારે અહેમદિયતથી પરિચય થયો અને મેંએમટીએ જોવાનું શરૂ કર્યુ તો તે જ આરંભિક દિવસોમાં એક દિવસ હઝરત મસીહ મૌઉદ અ.સ.નું ચિત્ર બતાવ્યું પછી મારૂ ચિત્ર સામે આવ્યું તો કહે છે, બંનેને જોઈને મને પોતાનું સ્વપ્નું યાદ આવી ગયું. સ્વપ્નમાં બતાવેલ વ્યકિત, સફેદ દાઢી વાળો જે વ્યકિત હતો તે હું હતો અર્થાત હુઝુર અનવર ઐયદહુલ્લાહ, હઝરત મસીહ મૌઉદ અ.સ. કાળી દાઢી વાળા હતા જેમની સાથે બધા મળી રહ્યા હતા અને હું પણ ઈશારો કરી રહ્યો હતો કે તેમને મળો. કહે છે કે ત્યાર પછી અહેમદિયતથી ઈન્ટરનેટ પર સંપર્ક કર્યો, અનેક સવાલો કર્યા જેમના જવાબ મળ્યા પછી બૈઅત કરી લીધી.પછી એક સાહેબ જેમના વૃત્તાંતને જોઈને એવું લાગે છે કે અલ્લાહ તઆલા ઘેરીને તેમને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતમાં સામેલ કરવા ચાહતો હતો, કોઈ નેક વાત પસંદ આવી અલ્લાહ તઆલાને, તે મિસ્રના છે અબ્દુલ હાદી નામ છે, તેઓ કહે છે કે અહેમદિયતથી પરિચય એમટીએ અલ અરબીયા દ્વારા થયો. જે પ્રોગ્રામ હતો

ખુબ સારો હતો પરંતુ કહે છે કે જમાઅતના સંસ્થાપક ઈમામની નબુવ્વત અને વહ્યી તથા ઈલ્હામ થવું સમજમાં ન આવતું હતું કહે છે કે મેં વારંવાર પ્રોગ્રામ અલહવારિલ મબાશિરમાં ફોન કરવાનો પ્રયાસ કર્યો પરંતુ અસફળતાનું મોં જોવું પડયું સંપર્ક ન થતો હતો અને હેતુ માત્ર એક પ્રશ્નનો જવાબ લેવું હતું, અને પ્રશ્ન આ હતો કે શું જમાઅતના સંસ્થાપક અન્ય નબીઓની જેમા દોષ મુકત છે ? અને શું તેમને ઈલ્હામ થાય છે ? કહે છે જો મને જવાબ હાં માં આપવામાં આવત તો તે જ દિવસે આ ચેનલને પોતાની સૂચિથી કાઢી નાખત, કેમકે તે સમયે મારી આ જ આસ્થા હતી કે આંહઝરત સ.અ.વ. પછી વહ્યી બંધ છે અને તેનો દાવો કરનાર જુઠો છે. પરંતુ ખુદા તઆલાના વિશેષ આયોજનથી એવું થયુ કે હું કદાપી પણ પ્રોગ્રામમાં કોલ કરવામાં સફળ ન થઈ શકયો જેનું પરિણામ આ થયું કે હું એમટીએ જોતો રહ્યો તથા ધીરે ધીરે સમસ્ત વાતો સાથે ખત્મે નબુવ્વતની સમસ્યા પણ મારા સમજમાં આવતી ગઈ અહી સુધી કે મારી સામે ઈમામુઝઝમાં મસીહ મૌઉદ તથા ઈમામ મહદીની બૈઅત કરવા સિવાય કોઈ માર્ગ ન રહ્યો. આ રીતે મેં બૈઅત ફોર્મ ભરી દીધો. બૈઅત પછી હું ઈચ્છતો હતો કે આ સૂચના બીજા લોકો સુધી પણ પહોચે. તેના માટે મેં મારા એક મિત્રનો ચયન કર્યો જેના વિષયમાં મને ખુબ સારો વિચાર હતો કે તે મારી વાત સાંભળશે. મેં તેને અહેમદિયતનો સંદેશ પહોચાડયો તો તે મારી આશા વિરૂધ્ધ ખુબ ક્રોધમાં આવીને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની શાનમાં દુ:સાહસ કરવા લાગ્યો. કહે છે, વિવશ થઈને, હું તેને છોડીને ખુબ દુ:ખી મન સાથે, વ્યાકુળ આત્મા સાથે પોતાના ઘરે પાછો આવી ગયો અને આદત અનુસાર જ્યારે ટીવી ચાલું કર્યુ તો તે સમયે એમટીએ પર સૂરહ આલે ઈમરાનની આયત પઢવામાં આવી રહી હતી " અગર ઉન્હોને તુમ્હે ઝુઠલા દીયા હૈ તો તુજ સે પહેલે ભી રસૂલ ઝુઠલાએ ગયે થે વે ખુલે ખુલે નિશાન ઔર ઈલાહી કિતાબે તથા રૌશન કિતાબ લાયે થે. કહે છે, આ આયત મારા દિલની હાલત માટે દરૂદ વ સલામ બની ગઈ અને મને વિશ્વાસ થઈ ગયો કે આ કોઈ સંજોગ નથી બલ્કે ખુદા તઆલા તરફથી મારા માટે પૈગામ છે કે રસૂલને ઝુઠલાવું અને તેનું ઉપહાસ તો થતો આવ્યો છે પછી જો હઝરત મસીહ મૌઉદ અ.સ. સાથે એવું થયુ તો કોઈ નવી વાત નથી.

પછી એક મહિલાની ઘટના છે જેમને અલ્લાહ તઆલાએ તેમની નેક પ્રકૃતિના કારણે બૈઅતનું સામર્થ્ય આપ્યું. આફ્રીકાની રહેવાસી છે જે ગિની ના એક મોટા નગર બૂકેના નજીકના ગામમાં રહે છે. કહે છે કે એક દિવસ તેની પાસે અહેમદિયા જમાઅતનો એક મુઅલ્લીમ આવ્યો તથા જમાઅતની તબલીગ કરી તથા જલસા સાલાનામાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું. પૈગામ તો ખુબ સારો હતો, પહેલા તો હું જલસામાં જવા માટે તૈયાર થઈ પરંતુ ઈસ્લામી સંગઠનો તથા આતંકી ઘટનાઓના કારણે મેં વિચાર્યુ કે કહી આ જમાઅત પણ એવી જ ન હોય માટે મેં જલસામાં જવાનો નિશ્ચય છોડી દીધો પરંતુ મનમાં આ પ્રાર્થના કરવા લાગી કે હે ખુદા ! જો આ લોકો સાચા છે તો તેઓ અમારા ગામમાં ફરીથી તબલીગ માટે આવે. ખુદાનું કરવું એવું થયું કે થોડા સમય પછી એક તબલીગી ટીમ તેમના ગામમાં ચાલી ગઈ. જયારે તે મહિલાએ અમોને જોયા તો ખુશીના કારણે આસૂં નિકળી ગયા અને કહેવા લાગી કે અલ્લાહ તઆલાએ મારી દુઆ કબૂલ સાંભળી લીધી તથા આ રીતે આખો પરિવાર બૈઅત કરીને જમાઅતમાં દાખલ થઈ ગયો.

ગૈમ્બિયાના અમીર સાહેબ કહે છે કે નયા બીની જીલ્લાના એક ગામમાં એક મહિલા સનતા સાહેબા જમાઅતની ખુબ વિરોધી હતી. આ મહિલા ખેતી વાડી કરતી હતી પરંતુ પાછલા બે વર્ષોથી પાક ખરાબ થઈ રહ્યો હતો. કહે છે, અમારી એક બહેનએ તેમને કહ્યું કે જુઓ જ્યારથી તમે જમાઅતનો વિરોધ કરી રહી છો તે સમયથી તમારો પાક નથી થઈ રહ્યો, માટે તમે જમાઅતનો વિરોધ છોડી જમાઅતમાં સામેલ થઈ જાવ તો અલ્લાહ તઆલા ફઝલ કરશે. તેમણે કહ્યુ ચાલો પરીક્ષા લઉ છું.

તે પોતાના પરિવારના આઠ સદસ્યો સહિત જમાઅતમાં સામેલ થઈ ગઈ. જમાઅતમાં સામેલ થયા પછી તેમણે જોયું કે અલ્લાહ તઆલાએ તેમના પર ખુબ ફઝલ કર્યો. ન કેવળ આ કે તેમની ફસલ ભર પુર થવા લાગી બલ્કે તેમનો એક જવાન છોકરો જે પાછલા કેટલાય વર્ષોથી ગુમ હતો, તેની સાથે સંપર્ક થઈ ગયો જે ઈટલીમાં હતો. હવે આ મહિલા પ્રત્યેકને આ કહે છે કે અહેમદિયા જમાઅતમાં સામેલ થઈ જાવ કેમકે તેમાં જ મુકિત છે.

જમાઅતના મુબલ્લીગ લખે છે કે આ વર્ષે સાવન મહિનામાં બાસીલા નગરમાં ખુબ ભારી વર્ષા થઈ જેના કારણે મિશન હાઉસની એક દિવાલ પડી ગઈ. રાત્રે પણ નિરંતર વર્ષા થતી રહી, ભય હતો કે બીજી દિવાલ પણ પડી જશે. મિશન હાઉસને નુકસાન થઈ રહ્યું હતું, ખુબ પરેશાન હતો તો મેં દુઆ કરી કે હે અલ્લાહ ! આ હાનિને તુ બૈઅત દ્વારા પુરો કર તથા જમાઅતની પ્રગતિમાં બરકત કર. કહે છે કે મેં દુઆ પુરી પણ ન કરી હતી કે ફોન વાગ્યો રાત્રીના બાર વાગ્યાનો સમય હતો મેં ફોન ઉઠાવ્યો તો એક વ્યકિત જેનું નામ મુહમ્મદ હતું કહેવા લાગ્યો કે ગામના લોકો બૈઅત કરવા ચાહે છે. આ ગામ મિશનથી ૧૧૦ કિ.મી. દુર હતો, હું થોડા દિવસ પછી તેમની પાસે ગયો તો ત્યાં ૧૯૮ લોકોએ બૈઅત કરીને જમાઅતમાં સામેલ થઈ ગયા.

પછી બૈનિનના મુબલ્લીગ બયાન કરે છે કે અમારા મુઅલ્લીમ અહમદી હમદી જીબ્રાઈલ સાહેબ એક સ્થાનીય રેડિયો પર તબલીગનો પ્રોગ્રામ કરતા રહેતા હતા. એક દિવસ તેમના પ્રોગ્રામમાં એક મહિલાનો કોલ આવ્યો. કહેવા લાગી કે મારા માટે આશ્ચર્યની વાત છે કે મસીહ ફરીથી આવી ચુકયા છે અને અમોને માલૂમ પણ નથી. હું મુસ્લિમ છુ તથા મારી ફેમેલી ઈસાઇ છે અને તે મને આ વાત પર લાજવાબ કરી દે છે કે મુસલમાન તો સ્વયં કહે છે કે તેમના માર્ગ દર્શન માટે મસીહ આવશે ત્યારે તેમને હિદાયત મળશે. તે મહિલાએ મુબલ્લીગને કહ્યું કે આપ મારા ગામમાં આવો અને તેમને તબલીગ કરો. આમ તે ગામમાં કેટલીક તબલીગી કામોથી ૨૨૭ લોકોએ બૈઅત કરીને અહેમદિયત કબૂલ કરી.

હુઝુર અનવરે વિશ્વના વિભિન્ન દેશોથી અહેમદિયત કરવાના ઈમાન વર્ધક વૃત્તાંત બયાન ફરમાવ્યા તથા અંતમાં ફરમાવ્યું કે વિરોધીઓના જે આલિમ છે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની  આ વાત પર વિચાર કરવો જોઈએ. આપ અ.સ.એ ફરમાવ્યું  કે યાદ રાખો, જો મને સ્વીકાર ન કરશો તો પછી તમે કદાપી પણ આવનાર મૌઉદને ન મેળવશો. પછી ફરમાવ્યું મારી નસીહત છે કે તકવાને હાથથી ન આપો તથા ખુદા તરસીથી તે વાતો પર વિચાર કરો અને એકાંતમાં વિચારો અને અંતે ખુદા તઆલાથી દુઆઓ કરો કે તે દુઆઓ સાંભળે છે. જો નેક નિય્યતથી દુઆ કરશો તો તે દુઆ સાંભળશે અને માર્ગદર્શન કરશે. માટે અલ્લાહ તઆલા કરે કે આ લોકો એ યોગ્ય થાય કે અલ્લાહ તઆલાથી માર્ગદર્શન પાપ્ત કરનાર બને અને અલ્લાહ તઆલા તેમના સીના ખોલે.

ખુત્બાના અંતમાં હુઝુર અનવરે ફરમાવ્યું નમાઝ પછી હું એક જનાઝા ગાયબ પણ પઢાવીશ જે મુકરરમ હાજી લૂસ ફરીન હૈનસન સાહેબનો છે. તેઓ ડૈનિશ અહેમદી હતા. તેમનું અવસાન થયું છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેઉન. હુઝુરે તેમની શ્રધ્ધા અને વફા અને જમાઅતની સેવાઓનું વર્ણન કર્યુ અને ફરમાવ્યું કે અલ્લાહ તઆલા મરહૂમના દરજાત બલંદ કરે તથા તેમની પત્નિ તથા બાળકોને પણ અહેમદિયત કબૂલ કરવા તથા અહેમદિયત અનુસાર જીવન વ્યતીત કરવાનું સામર્થ્ય આપે. આમીન.